વર્ષોથી એક જ વિશ્વાસપાત્ર નામ
durashine JSW Colouron+
• ટાટા Durashine તથા Infinia કલરકોટેડ પતરા
• ટાટાના ગેલ્વેનાઈઝ પતરા
• JSW મોરછાપ Colouron+ પતરા
• JINDAL સબરંગ તથા અન્ય
• TATA / ASIAN / APOLLO MS તથા GI પાઈપ
• સીમેન્ટ/પ્લાસ્ટીકના પતરા, સ્ક્રુ
દલપતરામ ઝીણાભાઈ લોખંડવાળા & કું.
• અમારી અન્ય કોઈપણ ગોડાઉન/શાખા આવેલ નથી •
C/o. લોખંડવાલા એન્ટરપ્રાઈઝ
લીમડાચોક, SBI-ATM ની સામે, રાજમાર્ગ, સુરત.
ફોન : ૨૪૨૪૯૩૧ (મો.) : ૯૯૨૫૨૮૩૮૮૦, ૯૮૨૫૮૮૬૦૦૯
E-mail : devdas2473@yahoo.co.in

# ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

પંચકર્મ - અગ્નિકર્મ - વેધનકર્મ - મર્મરૂહ: (પીડન) ચિકિત્સા
સંધિવાત - પેરાલીસીસ - કેન્સર - ડાયાબીટીસ - કિડની હોસ્પિટલ
ઘૂંટણ, મણકાની ગાદી કે દબાયેલી નસોના ઓપરેશન પહેલા સહાયક સારવાર માટે મળો.
નિરામય આયુર્વેદિક હોસ્પીટલ®
www.niramayayurveda.com
રી-સર્ચ ફોર આયુર્વેદા
વૈદ્યરત્નમ્ સંદિપ પટેલ
આયુર્વેદ વાચસ્પતી
B.A.M.S., M.D., Ph. D.
કેન્સર - હૃદયરોગ - કીડની રોગો
3C CARE WITH AYURVEDA
Ultimate Neuro - Arthritic Care
અનુભુત સહાયક સારવાર
• પાઈલ્સ • પથરીના • ખરતા વાળ
• એસીડિટી • સ્ત્રીરોગ (વંધત્વ)
રોગોની સહાયક આયુર્વેદિક સારવાર
સુરત 'પ્રતિક હાઉસ', ૧/૯૩૪, અડાગરા સ્ટ્રીટ, અથુગર સ્ટ્રીટ રોડ, ખુરશેદ બેકરી સામે, નાનપુરા, સુરત. Ph.: (0261) 2470875, Mo.: 75748 61856
બારડોલી અસ્તાન જીન કમ્પાઉન્ડ, સુગર ફેક્ટરી-અસ્તાન રોડ, બારડોલી. Mo. : 75748 61853

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૧ * * * સંવત ૨૦૮૦ જેઠ સુદ પાંચમ, મંગળવાર ૧૧ જૂન, ૨૦૨૪ * * * દૈનિક : ૮૭ - અંક : ૧૭૭

પાનાં ૧૬ કિંમત ₹ ૫.૦૦

# ખાતાં ફાળવણી: મોદીની મૂળ ટીમ યથાવત

**અમિત શાહ (ગૃહ અને સહકાર), રાજનાથ (સંરક્ષણ), નિર્મલા સીતારામણ(નાણાં) અને એસ. જયશંકર (વિદેશ) સહિત દસ પ્રધાનોનાં ખાતામાં કોઈ ફેરફાર નહીં, આ ચાર મંત્રીઓ સુરક્ષા અંગેની કેબિનેટ સમિતિના સભ્યો બને છે, ગડકરી (માર્ગ પરિવહન) અને અશ્વિની વૈષ્ણવ (રેલવે)નું ખાતું પણ યથાવત**

**બે ભૂતપૂર્વ** મુખ્યમંત્રીઓ શિવરાજ સિંહને કૃષિ અને ગ્રામીણ વિકાસ અને મનોહર લાલ ખટ્ટરને શહેરી બાબતો અને ઊર્જા

**નવી દિલ્હી, તા. 10 :** નવી મોદી સરકારના મંત્રીઓને આજે ખાતાઓની ફાળવણી કરાઈ હતી જેમાં ટોચના મહત્વના ગૃહ, સંરક્ષણ, નાણા અને વિદેશ મંત્રાલયો ગઈ સરકારમાં જેમની પાસે હતા તે અમિત શાહ, રાજનાથ સિંહ, નિર્મલા સીતારમણ અને એસ. જયશંકરને જ ફાળવવામાં આવ્યા છે જ્યારે બે ભૂતપૂર્વ મુખ્યમંત્રીઓને અને ભાજપ પ્રમુખ નડ્ડાને મહત્વના ખાતાઓ ફાળવવામાં આવ્યા છે.

ટોચના ચાર મંત્રાલયો સંભાળતા મંત્રીઓ વડાપ્રધાનના વડપણ હેઠળની સુરક્ષા અંગેની કેબિનેટ કમિટિના પણ સભ્યો બને છે. કેન્દ્રીય કેબિનેટમાં નવા પ્રવેશેલા મધ્ય પ્રદેશના ભૂતપૂર્વ મુખ્યમંત્રી

...અનુસંધાન પાના 4 પર

**કોને કયું ખાતું?**
વાંચો ત્રીજા પાને....



## મોદી 1.0માં નડ્ડા આરોગ્ય મંત્રી જ હતા

ચાર વર્ષથી વધુ સમય સુધી ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે નેતૃત્વ કર્યા પછી, જે. પી. નડ્ડાને સોમવારે કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય અને રસાયણ અને ખાતર મંત્રાલયનો પોર્ટફોલિયો ફાળવવામાં આવ્યો હતો. મોદી 2માં બંને મંત્રાલયોની આગેવાની મનસુખ માંડવિયાએ કરી હતી. 2019માં ભાજપના કાર્યકારી અધ્યક્ષ તરીકે કાર્યભાર સંભાળતા પહેલા નડ્ડાએ મોદી સરકારના પ્રથમ કાર્યકાળમાં આ જ ખાતું સંભાળ્યું હતું અને જાન્યુઆરી 2020માં અમિત શાહની કેન્દ્રીય ગૃહ મંત્રી તરીકે નિમણૂક થયા બાદ તેઓ પક્ષના સંપૂર્ણ અધ્યક્ષ બન્યા હતા.

## ભાજપે વ્યૂહાત્મક મંત્રાલયો પોતાની પાસે રાખ્યા, નાગરિક ઉડ્ડયન, પંચાયતી રાજ, ડેરી અને પશુપાલન, સ્ટીલ સાથી પક્ષોને આપ્યા

ભાજપે સરકારના સિગ્નેચર કાર્યક્રમોને સંચાલિત કરતા મોટાભાગના વ્યૂહાત્મક મંત્રાલયોને જાળવી રાખ્યા છે, જ્યારે કેટલાક સહયોગીઓ, ખાસ કરીને TDP અને JD (U), જેમને અનુક્રમે નાગરિક ઉડ્ડયન, અને પંચાયતી રાજ, મત્સ્યોદ્યોગ, પશુપાલન અને ડેરી મળ્યું છે, તેમના માટે છોડી દીધા છે. ભાજપના સાથી પક્ષોમાંના કેબિનટના પાંચ સભ્યોમાંથી જેડી(એસ)ના એચ.ડી. કુમારાસ્વામીને ભારે ઉદ્યોગ અને સ્ટીલ મંત્રાલય, જીતેન રામ માંઝી(હમ સેક્યુલર)ને લઘુ, નાના અને મધ્યમ ઉદ્યોગ મંત્રાલય અને લલન સિંહ (જનતા દળ-યુ)ને પંચાયતી રાજ, મત્સ્યોદ્યોગ, પશુ સંવર્ધન ...અનુસંધાન પાના 4 પર

## સી.આર.ને જળ શક્તિ અને માંડવિયાને રમતગમત

**ગુજરાતના છ સાંસદોના ખાતા આ મુજબ છે**

| | |
|---|---|
| અમિત શાહ | ગૃહ અને સહકારિતા |
| જે પી નડ્ડા | આરોગ્ય અને પરિવાર કલ્યાણ, રસાયણ અને ખાતર |
| એસ. જયશંકર | વિદેશ |
| સી.આર. પાટીલ | જળ શક્તિ |
| મનસુખ માંડવિયા | શ્રમ અને રોજગાર અને યુવા બાબતો અને રમતગમત |
| નિમુબેન જયંતીભાઈ બાંભણિયા (રાજ્ય કક્ષા) | ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ |

## દસ પ્રધાનોના ખાતા યથાવત

નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળની ત્રીજી સરકારમાં મોટાભાગના મુખ્ય કેબિનેટ મંત્રીઓએ અગાઉની ભાજપ સરકારમાં જે ...અનુસંધાન પાના 4 પર



## શપથવિધિ વખતે મંચના પાછળના ભાગમાં દીપડા જેવું પ્રાણી દેખાયું હોવાનો વીડિયો ફરતો થયો

### દિલ્હી પોલીસે ખુલાસો બહાર પાડીને કહ્યું કે તે માત્ર ઘરેલું બિલાડી હતી

**નવી દિલ્હી, તા. 10:** રાષ્ટ્રપતિ ભવનના પ્રાંગણમાં જ્યારે નવી એનડીએ સરકારની શપથવિધિ ચાલી રહી હતી ત્યારે જ્યાં શપથવિધિ ચાલતી હતી તે મંચની પાછળના પગથિયાઓવાળા ભાગમાંથી એક રહસ્યમય પ્રાણી પસાર થતું દેખાયું હતું અને આ પ્રાણી એક વીડિયોમાં પણ ઝડપાઇ ગયું હતું, જેના અંગે કેટલાક લોકો એવી અટકળો કરવા માંડ્યા હતા કે કદાચ તે દીપડો હતો.

ભાજપના સાંસદ દુર્ગા દાસ ઉઇકેની મંત્રીપદે શપથવિધિ થઇ ગઇ અને તેઓ જ્યારે રજિસ્ટરમાં હસ્તાક્ષર કરી રહ્યા હતા તે સમયે આ પ્રાણી મંચની પાછળના ભાગમાં દેખાયું હતું. તેનો વીડિયો આજે ખૂબ ફરતો થયો હતો. જો કે વીડિયોમાં આ પ્રાણી સ્પષ્ટ દેખાતું ન હતું પણ ઝાંખુ દેખાતું હતું જેનો આકાર મોટી બિલાડી જેવો દેખાતો હતો. એવી અટકળો પણ થવા માંડી હતી કે રાષ્ટ્રપતિભવનમાં દીપડો ઘૂસી ગયો હશે. જો કે દિલ્હી પોલીસે આજે આ બાબતે ખુલાસો કરતું નિવેદન બહાર પાડીને જણાવ્યું હતું કે શપથવિધિ વખતે

...અનુસંધાન પાના 4 પર



## કોંગ્રેસે લોકસભાની ચૂંટણી લડવા માટે રાજ્યસભાના ત્રણ વર્તમાન સાંસદોને મેદાનમાં ઉતાર્યા

કોંગ્રેસે તેનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરતાં તેના ત્રણ વરિષ્ઠ રાજ્યસભા સાંસદો- કે સી વેણુગોપાલ, દિગ્વિજય સિંહ અને દીપેન્દ્ર હુડ્ડા-ને તેમના સંબંધિત રાજ્યો કેરળ, મધ્ય પ્રદેશ અને હરિયાણામાંથી લોકસભા ચૂંટણીમાં ઉમેદવાર તરીકે ઉતાર્યા હતા. જ્યારે વેણુગોપાલ કેરળના હોવા છતાં રાજસ્થાનના રાજ્યસભાના સાંસદ છે, સિંહ તેમના વતન મધ્ય પ્રદેશમાંથી સંસદના ઉચ્ચ ગૃહમાં ચૂંટાયા. બીજી તરફ હરિયાણાના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન ભૂપિન્દર સિંહ હુડ્ડાના પુત્ર હુડ્ડા પણ તેમના ગૃહ રાજ્ય હરિયાણામાંથી સાંસદ છે. રસપ્રદ વાત એ છે કે, આ ત્રણેયના રાજ્યસભાના કાર્યકાળમાં હજી બે વર્ષ બાકી હતા. હાલમાં, ભાજપ ત્રણેય રાજ્યોમાં સરકારમાં છે અને જો ત્રણેય કોંગ્રેસી નેતાઓ તેમની લોકસભા બેઠકો જીતે છે અને રાજ્યસભામાંથી તેમના રાજીનામાંના કારણે ખાલી જગ્યાઓ ભરવા માટે પેટા-ચૂંટણીઓ યોજાય તો તેની પાસે તેના ઉમેદવારોને ચૂંટવા માટે પર્યાપ્ત સંખ્યા છે તે કહેવાની જરૂર નથી. લોકસભાની ચૂંટણી લડવા માટે રાજ્યસભાના ત્રણ વર્તમાન સાંસદોને મેદાનમાં ઉતારવા એ એક રસપ્રદ નિર્ણય હતો, ખાસ કરીને એવા સંજોગોમાં જ્યારે કોંગ્રેસ પેટા-ચૂંટણી જીતવાની સ્થિતિમાં ન હોય.

**કોંગ્રેસના રાજકીય ઈતિહાસમાં મેડક મતવિસ્તાર મહત્વનું સ્થાન**

તેલંગાણામાં કોંગ્રેસ સરકાર મેડક મતવિસ્તાર ફરી જીતવા ...અનુસંધાન પાના 4 પર

તા. ૧૦-૦૬-૨૦૨૪નું સુરત શહેરનું **હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૮.૦° સે. | ૨૬.૮° સે. | ૬૮% |

# મણિપુરમાં એક વર્ષ પછી પણ શાંતિ નથી, પરિસ્થિતિને થાળે પાડવા પ્રાથમિકતા આપો: ભાગવત

**ચૂંટણી** નિવેદનબાજીમાંથી ઉપર ઊઠીને રાષ્ટ્ર સામેની સાંપ્રત સમસ્યાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે : મોહન ભાગવત



**નાગપુર, તા. 10 (PTI).** રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના વડા મોહન ભાગવતે સોમવારે મણિપુરમાં એક વર્ષ પછી પણ અશાંતિ હોવા અંગે ચિંતા વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે હિંસાગ્રસ્ત ઉત્તર પૂર્વ રાજ્યની સ્થિતિને થાળે પાડવી એ પ્રાથમિકતા હોવી જોઈએ.

અહીંના રેશમબાગ સ્થિત ડૉ. હેડગેવાર સ્મૃતિ ભવન પરિસરમાં સંસ્થાના 'કાર્યકર્તા વિકાસ વર્ગ-દ્વિતીય'ના સમાપન કાર્યક્રમમાં આરએસએસ તાલીમાર્થીઓની એક સભાને સંબોધતાં ભાગવતે કહ્યું કે, વિવિધ સ્થળોએ અને સમાજમાં સંઘર્ષ સારો નથી. તેમણે ચૂંટણી વાર-પલટવારમાંથી બહાર નીકળીને રાષ્ટ્ર સામેની સમસ્યાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. ભાગવતે કહ્યું કે, "મણિપુર છેલ્લા એક વર્ષથી શાંતિની રાહ જોઈ રહ્યું છે. મણિપુરમાં 10 વર્ષ પહેલાં શાંતિ ...અનુસંધાન પાના 4 પર

## મણિપુરના મુખ્યમંત્રીના સુરક્ષા કાફલા પર આતંકવાદીઓએ ઓચિંતો હુમલો કર્યો, એક જવાન ઘાયલ

**ઇમ્ફાલ.** શંકાસ્પદ આતંકવાદીઓએ સોમવારે સવારે કાંગપોકપી જિલ્લામાં મણિપુરના મુખ્ય પ્રધાન એન બિરેન સિંહના અગ્રીમ સુરક્ષા કાફલા પર હુમલો કર્યો હતો, જેમાં એક જવાન ઘાયલ થયો હતો. એમ પોલીસે જણાવ્યું હતું. પોલીસે જણાવ્યું હતું કે, કાફલો હિંસાગ્રસ્ત જીરીબામ જિલ્લા તરફ જઈ રહ્યો હતો ત્યારે સવારે 10.30 વાગ્યે રાષ્ટ્રીય ધોરીમાર્ગ-53ના પટમાં આવેલા કોટલેન ગામ નજીક ...અનુસંધાન પાના 4 પર

# NCP પછી શિંદેની શિવસેના પણ મોદી સરકારમાં રાજ્યકક્ષાના મંત્રીપદથી નારાજ

**શિવસેનાના** એક નેતાએ કહ્યું કે અમારો પક્ષ સાત બેઠકો જીત્યો છતાં તેને એકમાત્ર રાજ્ય કક્ષાનું મંત્રીપદ અપાયું, જ્યારે ઓછી બેઠકો જીતેલા અન્ય કેટલાક પક્ષોને કેબિનેટ સ્થાન અપાયું

**ખાતા** વહેંચણીમાં પક્ષપાત થયો હોવાનો આક્ષેપ

**પુણે, તા. 10 (PTI):** એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેનાએ નવી રચાયેલી મોદી સરકારમાં ખાતાઓની ફાળવણી બાબતે પોતાની નિરાશા વ્યક્ત કરી હતી અને શાસક ગઠબંધનમાં ખાતાઓની વહેંચણીમાં પક્ષપાતનો આક્ષેપ કર્યો હતો.

આ એના એક દિવસ પછી આવ્યું છે જ્યારે અજીત પવારની આગેવાની હેઠળની એનસીપીએ કહ્યું હતું કે ભાજપ દ્વારા તેને જેની ઓફર થઇ છે તે રાજ્ય કક્ષાનું ખાતું સ્વીકારવાને બદલે તેઓ કેબિનેટ સ્થાન માટે રાહ જોશે. એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેનાના સાંસદ શ્રીરંગ બર્નેએ આજે કહ્યું હતું કે હાલની લોકસભા ચૂંટણીમાં શિવસેના મહારાષ્ટ્રમાં સાત બેઠકો જીતી છે ત્યારે ઓછી બેઠકો ધરાવતા અન્ય પક્ષોને કેબિનેટ કક્ષાનું મંત્રીપદ અપાયું છે, અમે શિવસેના માટે ઓછામાં ઓછું એક કેબિનેટ સ્થાન અને એક રાજ્ય કક્ષાનું મંત્રીપદ ઇચ્છતા હતા, જે શિવસેના ભાજપનો સૌથી જૂનો સાથી પક્ષ છે અમે બર્નેએ કહ્યું હતું. તેમણે ખાતા વહેંચણીમાં પક્ષપાત થયો હોવાનું કહ્યું હતું. મોદી 3.0 સરકારમાં પ્રતાપ જાધવ એ શિંદે સેનામાંથી એક માત્ર મંત્રી છે અને તેમને રવિવારે સ્વતંત્ર હવાલા સાથેનું રાજ્ય કક્ષાનું મંત્રીપદ અપાયું હતું. આજે તેમને આયુષ અને આરોગ્ય મંત્રાલય ફાળવવામાં આવ્યું હતું. જો કે લોકસભામાં શિવસેના પક્ષના નેતા શ્રીકાંત શિંદેએ ભારપૂર્વક કહ્યું હતું કે ભાજપની આગેવાની હેઠળની એનડીએ સરકારને ...અનુસંધાન પાના 4 પર

સુરતમાં ૨૪ વર્ષથી
ટેબ®
ટ્રીટમેન્ટ ક્લિનીક્સ (પૂને)
સાંધાના દર્દ માટે વિશેષ આયુર્વેદિક ઉપચાર

નિષ્ણાતની સલાહ અને તુરંત એપોઈમેન્ટ માટે સંપર્ક કરો.
મો.નં. : ૯૦૧૬૩૭૪૨૩૨ ,ફોન નં. : (૦૨૬૧) ૨૪૬૩૭૭૦ / ૨૪૭૩૪૪૮
૧૦૩/૧૦૪, પહેલો માળ, જલનિધિ કોમ્પલેક્ષ, બહુમાળીની સામે, જુના નાવડી ઓવારા નજીક, નાનપુરા, સુરત - ૩૯૫ ૦૦૧ (લીફ્ટ અને વ્હીલચેર ની સેવા ઉપલબ્ધ છે)
દરેક રવિવારે પણ ચાલુ રહેશે. કામકાજનો સમય સવારે ૧૦ થી સાંજે ૭ કલાક.

"ઘુંટણ કે અન્ય સાંધાના ઘસારા અને મણકાની ગાદી કે નસ દબાવી-આને કારણે થતાં અસહ્ય દર્દ, સોજા કે જકડાહટથી છુટકારો મેળવી સારવાર કર્યાના વરસો પછી પણ દર્દરહિત સામાન્ય જીવન વ્યતીત કરવા માટે ટેબ ટ્રીટમેન્ટ કલીનીકસની શુધ્ધ, આયુર્વેદીક સારવારથી વધુ સારી કઈ સારવાર હોઈ શકે ?"

આમ કહેવું છે ટેબમાં સંપૂર્ણ સારા થયેલા
શ્રીમતિ રેખાબેન રાઠોડ

ઉંમર- ૬૨ વર્ષ, વ્યવસાય - ગૃહિણી, સરનામું - ૩૨૫, માન સરોવર સોસાયટી, તળાવપાસે, ડીંડોલી, સુરત-૩૯૪૨૧૦
"છેલ્લા દોઢ-બે વર્ષથી મારા બંને ઘુંટણમાં ઘસારાને લીધે ખુબજ દુઃખાવાને કારણે જમીન પર, ઉભડક પગે કે પલાંઠી વાળીને બેસી શકતી ન હતી, થોડું પણ ચાલી શકતી ન હતી કે સીડી ચડી-ઉતરી શકતી ન હતી. આ બધી તકલીફો ના કારણે મારા સ્વાસ્થ્ય પર પણ માઠી અસર થવા લાગી હતી. ટેબ વિશે છાપામાં વાંચીને મેં ટેબની મુલાકાત લીધી. સારવાર શરૂ કર્યાના થોડા જ સમયમાં મારી તકલીફો આછી થવા લાગી. નિયમિત અને વ્યવસ્થિત સારવાર કરીને સંપૂર્ણ સારી થયા પછી આજે હું જમીન પર આરામથી બેસી શકું છું. ચાલવા તથા ઉભા રહીને કામ કરવામાં કોઈ જ તકલીફ નથી. ટેબ કિલનીકનો જેટલો આભાર માનું તેટલો ઓછો છે."
દર્દી ની સહી

આમ કહેવું છે ટેબમાં સંપૂર્ણ સારા થયેલા
શ્રી કીરીટ જીયાવાલા

ઉંમર-૬૬ વર્ષ, વ્યવસાય - વ્યાપારી, સરનામું - એ-૩૦૨, હેપીડેન્ટ એપાર્ટમેન્ટ, જે.પી ખમણહાઉસ ની બાજુમાં, કૈલાસનગર, સગરામપુરા, સુરત-૩૯૫૦૦૨
"મને બંને ઘુંટણમાં ઘસારાને લીધે સખત સોજો અને દુઃખાવો રહેતા હતા. ચાલતી વખતે ઘુંટણમાં કટ્-કટ્ અવાજ આવતો હતો. પલાઠી વાળીને જમીન પર બેસી શકાતું ન હતું કે બેઠા પછી ઉભા થઈ શકાતું ન હતું. થોડું પણ વધારે ચાલવાનું કે ઉભા રહેવાનું થાય એટલે દુઃખાવો અસહ્ય થઈ જતો હતો. દાદર ચડી શકાતું ન હતું. કમરના દુઃખાવાને કારણે વાંકા વળીને કામ કરી શકાતું ન હતું કે થોડું પણ વજન ઉંચકી શકાતું ન હતું. છાપામાં ટેબ કિલનીકસની જાહેરાત વાંચી મેં ટેબની મુલાકાત લીધી. ટેબના ડોકટરે મારી સંપૂર્ણ શારિરીક તપાસ કરીને સચોટ નિદાન કર્યુ અને ઉપચાર વિશેની સંપૂર્ણ માહિતી આપી. બધુ સમજીને મેં ટેબનો ઉપચાર ચાલુ કર્યો. નિયમિત અને વ્યવસ્થિત ઉપચાર કરીને મારી ઘુંટણ તથા કમરની બધી તકલીફોમાંથી સંપૂર્ણ મુકિત મેળવી. ટેબ કિલનીક્સે સાબીત કરી બતાવ્યું કે કોઈ પણ શસ્ત્રક્રિયા વગર જ હાડકાં-સાંધાઓની તકલીફોમાંથી સંપૂર્ણ સ્વસ્થ થઈ શકાય છે. આજે હું મારું રોજીંદું કામકાજ કોઈ પણ જાતની તકલીફ વગર કરી શકુ છું. આજે હું સંપૂર્ણ સ્વસ્થ છું. આભાર ટેબ કિલનીક્સનો."
દર્દી ની સહી-

આમ કહેવું છે ટેબમાં સંપૂર્ણ સારા થયેલા
શ્રીમતિ ગીતાબેન દેસાઈ

ઉંમર-૬૫ વર્ષ, વ્યવસાય - ગૃહિણી, સરનામું - મુ. વલઠાણ, પો. માકણ, તા. કામરેજ, સુરત-૩૯૪૩૨૫
"ઘણા વર્ષથી બંને ઘુંટણના ઘસારાને લીધે અસહ્ય દુઃખાવા, સોજા તથા જકડાહટથી પરેશાન હતી. મારા જમણા ઘુંટણમાં ત્રણ અને ડાબા ઘુંટણમાં એક આંગળીનો ગેપ હતો. ચાલવાથી, ઉભા રહેવાથી, જમીન પર, ઉભડક પગે કે પલાંઠી વાળીને બેસવાથી, નીચે બેસીને ઉભા થવાથી કે દાદર ચડવા-ઉતરવાથી દુઃખાવો ખુબ વધી જતો હતો. અરે, ખુરશી પર પણ થોડો વધુ વખત બેસીને ઉઠું ત્યારે જીવ નીકળી જતો હતો. ડોકટરે મને ઓપરેશન કરાવ્યા વગર છુટકારો જ નથી એમ કહી દીધું હતું. ટેબ કિલનીકસના ડોકટરે મારી પ્રકૃતિ, ઘુંટણમાં કેટલો ઘસારો છે વ. તપાસ્યા પછી મને વિગતવાર બધું સમજાવીને મારી સારવાર શરૂ કરી. ધીરે-ધીરે તબક્કાવાર સ્વસ્થ થયા પછી આજે છએક વર્ષ વીતી ગયા પછી પણ પહેલાની તકલીફોમાંથી કોઈ પણ તકલીફ ફરી થઈ નથી. આભાર ટેબ કિલનીક્સનો.
દર્દી ની સહી

મહત્વની માહિતીઓ
✓ ટેબ ઉપચારમાં આધુનિક નિદાન પધ્ધતિ અને ઉચ્ચ કક્ષાના પ્રભાવી ઔષધોપચારનું અદ્ભુત મિશ્રણ છે.
✓ ટેબ ફક્ત રોગના લક્ષણોનો ઉપચાર નથી કરતું, પણ તેના મૂળ કારણોનો ઉપચાર કરે છે, તેથી જ યોગ્ય રીતે ટેબનો સંપૂર્ણ ઉપચાર કર્યા પછી દર્દી પહેલાથી આરામદાયક જીવન વિતાવે છે.
✓ ટેબ કિલનીક્સ દવાનુ વેચાણ નથી કરતી પરતું પોતાની જ ગ્રૂપ કંપનીએ બનાવેલી શુધ્ધ આર્યુવેદિક દવાઓથી સાંધા/સ્નાયુ સબંધિતની તકલીફોનો સંપૂર્ણ ઉપચાર કરે છે.
✓ ટેબના બધા જ ઉપચાર કાર્યક્રમ ફક્ત ઓ.પી.ડી. (O.P.D.) બેઝિસ પર હોવાથી જેથી દર્દીને હોસ્પીટલમાં દાખલ થવાની જરૂર જ નથી.
✓ શુધ્ધ આયુર્વેદિક ટેબ ઉપચારમાં કોઈપણ પ્રકારના સ્ટીરોઈડ્સ, હાનિકારક દુખદબાવ અને વેદનાશામક અને બીજી કોઈપણ હાનિકારક દવાઓ તથા ઈન્જેકશનનો સમાવેશ બિલકુલ નથી.
✓ ટેબનો સંબંધિત ઉપચાર યોગ્ય રીતે સંપૂર્ણ થયા પછી, સારવાર પહેલાનો સાંધા/સ્નાયુનો સોજો અને તીવ્ર દુખાવો નીકળી જાય છે તથા હલચલમાં સંપૂર્ણ રાહત થઈ જાય છે.
✓ ટેબનો સંબંધિત ઉપચાર યોગ્ય રીતે સંપૂર્ણ થયા પછી, દર્દીના સાંધા/સ્નાયુના હઠીલા દર્દોના લોહી સંબંધિતની ખરાબીઓ જેવી કે પ્રોઝીટીવ-આર.એ. ફેક્ટર, સી.આર.પી., એ.એસ.ઓ. ટાઈટર, સી.પી.કે. (એનએસી), સંપૂર્ણ નીકળી જાય છે. ટેબના કોઈપણ બે પેશન્ટો વચ્ચે પરિણામોની મુદતમાં ફરક હોઈ શકે.

૧) ઘુંટણો અને અન્ય સાંધાઓના હઠીલા દર્દો (ઓસ્ટીઓ આર્થરાઈટીસ). ૨) કોમળ હાડકાં (ગાદી) ની ઈજાઓ સંબંધિતના હઠીલા દર્દો. (કાર્ટીલેજ ડેમેજ) ૩) લોહીની સંબંધિત ખરાબીઓથી થતાં સાંધાના હઠીલા દર્દો (રૂમેટોઈડ / રૂમેટીક આર્થરાઈટીસ). ૪) ગરદન, કમર અને પીઠ ના મણકાનાં હઠીલા દર્દો (સર્વાઈકલ / લંબર સ્પોન્ડીલાઈટીસ). ૫) ખભાના સાંધા સંબંધિતના હઠીલા દર્દો (ફ્રોઝન શોલ્ડર). ૬) થાપા ના સાંધાના હઠીલા દર્દો / સુજન / અક્કડપણુ (હીપ જોઈન્ટ નેક્રોસીસ). ૭) લંબર કેનાલ સ્ટેનોસીસ / એન્કીલોઝીંગ સ્પોન્ડીલાઈટીસ. ૮) અનેક સાંધા / સ્નાયુઓની ડિફોરમીટીસ અને જકડાપણ સંબંધિત દર્દો. ૯) લીગામેન્ટ ડેમેજ તથા ટેનીસ એલ્બો સંબંધિતના દર્દો. ૧૦) સાંધાની સ્નાયુ પેશીને થયેલી ઈજાઓ સંબંધિતના દર્દો. ૧૧) સંબંધિત લોહી/સ્નાયુના વિકારો જેવા કે પોઝીટીવ આર.એ. ફેક્ટર, સી.આર.પી., એ.એસ.ઓ. ટાઈટર, સી.પી.કે. (એન.એ.સી.) વગેરે. ૧૨) ગઠીયા વાટ (ગાઉટ-સીરમ યુરીક એસીડ સંબધિત દર્દ /જલન અને જકડન)